# વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ અન્ય માધ્યમ) વર્ષ ૨૦૨૬ ના ઉમેદવારો માટે અગત્યની સુચના

વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૧ થી ૫ અન્ય માધ્યમ) વર્ષ ૨૦૨૬ની તા.૨૫/૦૫/૨૦૨૬ ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાતમાં શિક્ષણ વિભાગના તા.૧૫/૦૫/૨૦૨૬ ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે જે ઉમેદવારો D.El.Ed. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં હોય અને ટેટ-૧ પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવેલ છે.

તાજેતરમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા D.El.Ed. ના બીજા વર્ષનું પરીણામ પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય D.El.Ed. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં હોય અને ટેટ-૧ પરીક્ષા પાસ કરેલ હોય તેમજ સદર ભરતીમાં ઉમેદવારી નોંધાવેલ હોય તેવા ઉમેદવારો જ તા.૧૫/૦૭/૨૦૨૬ થી તા.૧૮/૦૭/૨૦૨૬ દરમિયાન પોતાના લોગિનમાં જઈ ને આ ગુણ દાખલ કરી શકશે તેમજ માર્કશીટ ઓનલાઈન અપલોડ કરી શકશે. D.El.Ed.ના પરીણામની ઓનલાઈન કોપી પ્રમાણીત કરી અપલોડ કરવાની રહશે. જિલ્લા પસંદગી વખતે D.El.Ed.ની અસલ માકશીટ રજૂ કરવાની રહશે.

ઉક્ત વિગતો સિવાય અન્ય વિગતોમાં કોઈ પણ પ્રકારનો સુધારો-વધારો કરવાનો રહેશે નહી તેમ છતાં જો કોઇ સુધારો-વધારો કરેલ હશે તો તે ગ્રાહ્ય રહેશે નહીં.

**નોંધ:-** આ સુચના D.El.Ed. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં અને સદર જાહેરાત અન્વયે ઉમેદવારી નોંધાવેલ હોય તે ઉમેદવારો માટે જ હોઇ તે સિવાયના અન્ય ઉમેદવારો હાલ લોગિન/અરજીમાં સુધારા-વધારા કરી શકશે નહીં.

**તા.૧૫/૦૭/૨૦૨૬** **ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ, ગાંધીનગર**

**સ્થળ:- ગાંધીનગર**